


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

Volume : 09
Issue : 328
Dt.: 03-10-2025,
Friday
Page:04
Rs.00.50 paisa

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### રાજનાથ સિંહની પાકિસ્તાનને ખુલ્લી ચેતવણી

# પાકિસ્તાન તરફથી કોઈ છમકલું થશે તો તેની ભૂગોળ બદલી નખાશે

## રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમીના અવસરે ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો, ત્યારબાદ ભારતીય સૈનિકોને સંબોધન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમીના અવસરે ગુરુવારે (૨ ઓક્ટોબર) ફરી એકવાર પાકિસ્તાનને ચેતવણી આપી. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, પરંતુ આપણી ભારતીય સેનાએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો. રક્ષામંત્રીએ કહ્યું કે, જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ છમકલું કરવામાં આવશે તો તેનું ભૂગોળ બદલી નાખવામાં આવશે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમીના અવસરે ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો. ત્યારબાદ તેમણે ભારતીય સૈનિકોને સંબોધતા કહ્યું કે, "ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને લેહથી લઈને સર ક્રીકના આ વિસ્તાર સુધી ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જ્યારે ભારતીય સેનાઓએ પોતાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને નષ્ટ કરી દીધી અને વિશ્વને એ સંદેશ આપ્યો કે ભારતીય સેનાઓ જ્યારે ઈચ્છે, જ્યાં ઈચ્છે અને જે રીતે ઈચ્છે તે રીતે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે."

તેમણે કહ્યું કે, "આઝાદીના ૭૮ વર્ષ વીતી ગયા હોવા છતાં પણ સર ક્રીક વિસ્તારમાં સીમાને લઈને વિવાદ ઉભો કરવામાં આવે છે. ભારતે અનેક વખત વાતચીત દ્વારા આનું સમાધાન કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ પાકિસ્તાનની નિયતમાં જ ખોટ છે, તેની નિયત સાફ નથી. તાજેતરમાં પાકિસ્તાનની સેનાએ સર ક્રીકની નજીક આવેલા વિસ્તારોમાં પોતાનું લશ્કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધાર્યું છે, જે તેની નિયત બતાવે છે."


રાજનાથ સિંહે કહ્યું કે, "ભારતની સરહદનું રક્ષણ ભારતીય સેનાઓ અને BSF સાથે મળીને સતર્કતાપૂર્વક કરી રહ્યા છે. જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ પણ પ્રકારનું છમકલું કરવામાં આવશે તો તેનો એવો કડક જવાબ મળશે કે ઈતિહાસ અને ભૂગોળ બંને બદલાઈ જશે. પાકિસ્તાને યાદ રાખવું જોઈએ કે કરાચીનો એક રસ્તો સર ક્રીકમાંથી થઈને જ પસાર થાય છે."

રાજનાથ સિંહે કહ્યુ, ભારતની સરહદોની રક્ષા ભારતીય સેનાઓ અને બીએસએફ મળી મજબૂતીથી કરી રહી છે.

જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ હિમાકત કરવામાં આવી તો તેનો એવો જવાબ આપવામાં આવશે કે ઈતિહાસ અને ભૂગોળ બંને બદલાઈ જશે. પાકિસ્તાને યાદ રાખવું જોઈએ કે કરાચીનો એક રસ્તો ક્રીકથી થઈ પસાર થાય છે.

રક્ષામંત્રીએ વિજયાદશમીના પર્વ પર ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે ભારતીય સૈનિકોને સંબોધિત કરતા કહ્યુ ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને લેહથી લઈને સર ક્રીકના આ વિસ્તાર સુધી ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જ્યારે ભારતીય સેનાએ પોતાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને ઉજાગર કરી અને દુનિયાને તે સંદેશ આપ્યો કે ભારતની સેનાઓ જ્યારે ઈચ્છે, જ્યાં ઈચ્છે અને જે રીતે ઈચ્છે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમી પર ગુજરાતની ધરતી પરથી પાકિસ્તાનને ચેતવણી આપી છે. તેમણે કહ્યુ કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ભારતની ડિફેન્સ સિસ્ટમ ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, અમારી સેનાએ તેનો વળતો જવાબ આપ્યો.



# ગુજરાતની ૮ સહિત દેશની ૫૪ યુનિવર્સિટીઓ ડિફોલ્ટર જાહેર

## માહિતી સબમિટ ન કરવા અને તેમની વેબસાઈટ પર માહિતી જાહેર ન કરવા બદલ યુનિવર્સિટીઓ સામે કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ રાજ્યોની ૫૪ ખાનગી યુનિવર્સિટીઓને ડિફોલ્ટર જાહેર કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, UGC એક્ટ, ૧૯૫૬ ની કલમ ૧૩ હેઠળ ફરજિયાત માહિતી સબમિટ ન કરવા અને તેમની વેબસાઈટ પર માહિતી જાહેર ન કરવા બદલ યુનિવર્સિટીઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી છે.

મધ્યપ્રદેશમાં ૧૦ યુનિવર્સિટીઓ સાથે ડિફોલ્ટરોની સંખ્યા સૌથી વધુ છે. ગુજરાતમાં આઠ, સિક્કિમમાં પાંચ અને ઉત્તરાખંડમાં ચાર છે.

UGC એ ડિફોલ્ટર અથવા ભૂલ કરતી યુનિવર્સિટીઓની યાદી બહાર પાડી અને તેમને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા ચેતવણી આપી.

ઈમેઈલ અને ઓનલાઈન મીટિંગ્સ દ્વારા અનેક રીમાઈન્ડર્સનો ઉલ્લેખ કરતા, UGC એ જણાવ્યું હતું કે યુનિવર્સિટીઓને નિરીક્ષણ માટે વિગતવાર માહિતી સબમિટ કરવા અને રજિસ્ટ્રાર દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત સહાયક દસ્તાવેજો સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

UGC સચિવ મનીષ જોશીએ જણાવ્યું હતું કે તેમને હોમ પેજ પર એક લિંક આપીને પૂર્ણ થયેલા ફોર્મ અને પરિશિષ્ટો તેમની વેબસાઈટ પર અપલોડ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો જેથી માહિતી વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકો માટે સુલભ હોય.

આ પછી ઈમેઈલ અને ઓનલાઈન મીટિંગ્સ દ્વારા અનેક રીમાઈન્ડર્સ આપવામાં આવ્યા હતા. માર્ગદર્શિકા અનુસાર, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ હિસ્સેદારોને માહિતી પૂરી પાડવા માટે કાર્યાત્મક વેબસાઈટ્સ જાળવી રાખવી આવશ્યક છે.

● મધ્યપ્રદેશની આ યુનિવર્સિટીઓ ડિફોલ્ટરની યાદીમાં સામેલ છે:

અઝીમ પ્રેમજી યુનિવર્સિટી, મધ્યપ્રદેશ
આર્યાવર્ત યુનિવર્સિટી, સિહોર
ડો પ્રીતિ ગ્લોબલ યુનિવર્સિટી, શિવપુરી
જ્ઞાનવીર યુનિવર્સિટી, સાગર
જેએનસીટી પ્રોફેશનલ યુનિવર્સિટી, ભોપાલ
એલએનસીટી વિદ્યાપીઠ યુનિવર્સિટી, ઈન્દોર
મહાકૌશલ યુનિવર્સિટી, જબલપુર
મહર્ષિ મહેશ યોગી વૈદિક યુનિવર્સિટી, જબલપુર
માનસરોવર ગ્લોબલ યુનિવર્સિટી, સિહોર
શુભમ યુનિવર્સિટી, ભોપાલ

● ગુજરાતની આઠ યુનિવર્સિટીઓ:

ગાંધીનગર યુનિવર્સિટી
જેજી યુનિવર્સિટી
કેએન યુનિવર્સિટી
એમકે યુનિવર્સિટી
પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી
સુરેન્દ્રનગર યુનિવર્સિટી
ટીમ લીઝ સ્કિલ્સ યુનિવર્સિટી
ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી

● સિક્કિમની પાંચ યુનિવર્સિટીઓ આ યાદીમાં સામેલ છે

મેધાવી સ્કિલ્સ યુનિવર્સિટી
સિક્કિમ અલ્પાઈન યુનિવર્સિટી
સિક્કિમ ગ્લોબલ ટેકનિકલ યુનિવર્સિટી
સિક્કિમ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી
સિક્કિમ સ્કિલ્સ યુનિવર્સિટી

● ઉત્તરાખંડની ચાર યુનિવર્સિટીઓ

માયા દેવી યુનિવર્સિટી
માઈન્ડ પાવર યુનિવર્સિટી
શ્રીમતી મંજીરા દેવી યુનિવર્સિટી
સૂરજમલ યુનિવર્સિટી

યુજીસીએ ૧૮ રાજ્યોમાંથી કુલ ૫૪ ખાનગી યુનિવર્સિટીઓને તેની ડિફોલ્ટર યાદીમાં ઉમેરી છે. આસામ, ગોવા, હરિયાણા, કર્ણાટક, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ એવા રાજ્યો છે જ્યાં ડિફોલ્ટર યાદીમાં ફક્ત એક જ યુનિવર્સિટી સામેલ છે.

### રશિયાએ ભારતને દગો આપ્યો!

# ઈનકાર છતાં, રશિયા પાકિસ્તાનને ફાઈટર જેટ એન્જિન મોકલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને રશિયાના સંબંધો અત્યાર સુધી ખૂબ સારા રહ્યાં છે, પરંતુ વ્લાદિમીર પુતિન ભારતની એક મહત્વની અપીલને માની શક્યા નહીં. પાકિસ્તાનને JF-17 ફાઈટર જેટ માટે એક ખાસ એન્જિનની જરૂર છે. આ ફાઈટર જેટ ચીન બનાવે છે, પરંતુ તે આ માટે રશિયા પર નિર્ભર છે. ભારતે રશિયાને આગ્રહ કર્યો કે તે આ ખાસ એન્જિનની સપ્લાય પાકિસ્તાનને ન કરે, જેનો ઉપયોગ JF-17 ફાઈટર જેટમાં થાય છે, પરંતુ રશિયાએ તેની અપીલ ન માની. ડિફેન્સ સિક્યોરિટી એશિયાના રિપોર્ટ પ્રમાણે ભારતે રશિયાને લાંબા સમય સુધી આગ્રહ કર્યો કે તે પાકિસ્તાનને સીધી રીતે એન્જિન ન વેચે, પરંતુ તેણે ભારતની અપીલને નજરઅંદાજ કરી. રશિયા હવે પાકિસ્તાનને એન્જિન વેચવાના નિર્ણય પર ટકી ગયું છે. પાક વાયુસેના પોતાની તાકાત વધારવા માટે ચીનનો સહારો લે છે. તેના મોટા ભાગના હથિયાર અને ફાઈટર જેટ ચીની મદદથી તૈયાર થઈ રહ્યાં છે. ચીન બાદ હવે રશિયા પણ ફાઈટર જેટના મામલામાં તે જૂથમાં જતું જોવા મળી રહ્યું છે.

રશિયા ભારત સાથે સારા સંબંધો જાળવવાનો પ્રયાસ કરે છે અને સાથે સાથે પાકિસ્તાન સાથે પણ વાતચીત કરે છે. પુતિન દ્વારા ભારતની અપીલને માનવાનો ઈનકાર કરવાથી તે ડબલ ગેમમાં સામેલ થવાનો સંકેત મળે છે. JF-17 એ ૪.૫ પેઢીનું ફાઈટર જેટ છે. રશિયા હવે બ્લોક III વિકસાવી રહ્યું છે. રશિયા પાસે પહેલાથી જ બ્લોક I અને બ્લોક II છે, પરંતુ આ વિમાનો ઓછા શક્તિશાળી માનવામાં આવે છે. ભારતનો ચીન સાથે સંબંધ ઉતાર-ચઢાવ ભર્યો રહ્યો છે, પરંતુ ચીનનો પાકિસ્તાન સાથે સારો સંબંધ રહ્યો છે. ઓપરેશન સિંદૂર દરમિયાન પણ દાવો કરવામાં આવ્યો હતો કે ચીને પાકિસ્તાનની ખૂબ મદદ કરી હતી. પાક સેના મોટા ભાગના હથિયાર અને એરક્રાફ્ટ માટે ચીન પર નિર્ભર છે.

### સુપ્રીમ કોર્ટ પુરુષ કર્મચારી સામેની રેપની ફરિયાદ રદ કરી

# લગ્નનું વચન આપી રેપ કર્યાનો આરોપ એ બદલો લેવાનું હથિયાર: સુપ્રીમ કોર્ટ

## મધ્યપ્રદેશ હાઈકોર્ટે આરોપી સામેની રેપની ફરિયાદ રદ કરવાનો ઈનકાર કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આરોપી સામેની રેપની એફઆઈઆર અને ચાર્જશીટ રદ કરીને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લગ્નનું વચન આપીને રેપ કરવામાં આવ્યો હોવાના આરોપ સાથેની આ એફઆઈઆર બદલો લેવાનું એક હથિયાર છે. આ ફરિયાદ હેતુપૂર્વક કરાઈ હતી.ન્યાયાધીશ સંજય કરોલ અને એન કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે આરોપી સામેના મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશને રદ કર્યો હતો. મધ્યપ્રદેશ હાઈકોર્ટે આરોપી સામેની રેપની ફરિયાદ રદ કરવાનો ઈનકાર કર્યો હતો.સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે કથિત ગુના સમયે મહિલા અને પુરુષ એક સાથે નોકરી કરતાં હતાં. મહિલા એક કમ્પ્યુટર ઓપરેટર હતી, જ્યારે પુરુષ



સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રિવન્યૂ ઈન્સ્પેક્ટર હતો. પરણિત અને એક પુત્રાની માતા હોવા છતાં મહિલાએ લગ્નના વચનના આધારે આરોપી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. જોકે પછી આરોપીએ મહિલા સામે ઉપરી અધિકારીઓને ફરિયાદ કરી હતી કે મહિલા આત્મહત્યા અને દુર્વ્યવહારની ધમકીઓ આપીને હેરાન કરે છે. પુરુષની આ ફરિયાદ પછી મહિલાને શોકોઝ નોટિસ અપાઈ હતી અને વર્તનમાં સુધારો નહીં કરે તો નોકરીમાંથી કાઢી મૂકવાની ચેતવણી અપાઈ હતી.આવી ચેતવણી પછી મહિલાએ રેપની ફરિયાદ નોંધાવી હતી. તેને એફઆઈઆરમાં આરોપ લગાવ્યો હતો કે ૧૫ માર્ચ ૨૦૨૩એ આરોપીએ લગ્નનું વચન આપીને બળજબરીથી શારીરિક સંબંધો બાંધ્યા હતાં અને આ પ્રકારનો દુર્વ્યવહાર એપ્રિલ સુધી ચાલુ રહ્યો હતો.સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કો શો કોઝ નોટિસ જારી કર્યા પછી જ હૈંઈ દાખલ કરવામાં આવી હતી, તેનાથી એવું લાગે છે કે મહિલાએ સંભવિત પરિણામોને ધ્યાનમાં રાખીને વિચારપૂર્વક અને બદલો લેવાના હથિયાર તરીકે રેપનો કેસ દાખલ કર્યો હતો.

# પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક પંડિત છન્નુલાલ મિશ્રાનું ૯૧ વર્ષે અવસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય શાસ્ત્રીય સંગીતની દુનિયામાં એક અમર અવાજનું અચાનક શાંત થવું, જાણે કે કોઈ મધુર રાગનું અંતિમ સ્વર થંભી ગયું હોય. પંડિત છન્નુલાલ મિશ્રા, જેઓએ ઠુમરી અને ખયાલની શૈલીને જીવંત કરીને અનેક પેઢીઓને મંત્રમુગ્ધ કરી હતી, તેમનું આજે અવસાન થતાં સમગ્ર સંગીત જગતમાં ગમગીની છવાઈ ગઈ છે.

તેમની ભાવપૂર્ણ ગાયકીએ કાશીની ગંગાની જેમ અનેકને પ્રેરણા આપી હતી.ગુરુવારે વહેલી સવારે ૪:૧૫ વાગ્યે, ૯૧ વર્ષની વયે પંડિત છન્નુલાલ મિશ્રાએ અંતિમ શ્વાસ લીધા. તેઓ ઘણા સમયથી ઉંમર સંબંધીત બિમારીઓથી પિડાઈ રહ્યા હતા અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના મેડિકલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં સારવાર લઈ રહ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે વારાણસીના મણિકર્ણિકા ઘાટ પર કરવામાં આવશે, જ્યાં અનેક શ્રદ્ધાંજલિ આપનારા એકત્રિત થશે.




# તંત્રી લેખ......

## શિક્ષણ-પ્રશિક્ષણમાં ગ્રામસભા

જેન-ઝી શબ્દ વડીલો માટે નવો છે. લેપટોપ, હેન્ડ્સ ફ્રી, એપ્સ, ઈન્ટરનેટથી સજ્જ, ટેક્નોલોજીને પૂર્ણ અપનાવી ચૂકેલી, એઆઈ પેઢી એટલે કે આ જેન-ઝી હમણાં ચર્ચામાં છે. નેપાળમાં થયેલા સત્તાપલટા પાછળ આ યુવાનોનો રોષ જવાબદાર હતો તેવું જગતભરમાં પ્રસરી ગયું ત્યાં જ ભારતમાં પણ લદ્દાખમાં આંદોલન થયું તેમાં પણ જેન-ઝી અગ્રહરોળમાં હતી. સરકારને આ સ્થિતિથી થવી જોઈએ તેવી ચિંતા થઈ છે. તાજેતરના અહેવાલ એવા છે કે તેના ઉકેલ માટે સરકારે પ્રયાસ શરૂ કર્યા છે. વૈચારિક સ્તરે રહેલા આ વિચારોનો અમલ ઝડપથી થશે તેવી આશા તો દેખાઈ રહી છે પરંતુ તેમાં પણ કેટલીક બાબતોમાં તાટસ્થ્ય જળવાય તે અત્યંત આવશ્યક છે. દેશવિરોધી પ્રવૃત્તિ કે આંદોલનમાં આ જેન-ઝી જલદી સંકળાઈ-સંડોવાઈ જતી હોવાથી સરકારે તેને લોકતંત્રના પાઠ શીખવવાનું નક્કી કર્યું છે. આમ તો આપણે ત્યાં વર્ષોથી નાગરિકશાત્ર નામનો વિષય ભણાવાય છે જેને પછીથી સોશિયલ સાયન્સ જેવાં નામો પણ અપાયાં હતા. લોકશાહી શાસનપ્રણાલી, ચૂંટણી પ્રક્રિયા, પંચાયતી રાજ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાથી લઈને સંસદ સુધીની આપણી વ્યવસ્થા વિશે અને ઉચ્ચ સ્તરે બંધારણ વિશે અભ્યાસક્રમમાં વ્યવસ્થા હતી જ. ક્યાંક તેમ છતાં એવું થયું કે આ બધું તો વિષયજ્ઞાન છે, વાસ્તવમાં રાષ્ટ્રભાવના, દેશ પ્રત્યેનો સદ્ભાવ અને સભાનતા, અધિકારો માટેની જાગૃતિ સાથે જ કર્તવ્યો માટેની સજાગતાની જરૂર આ પેઢીને છે. હવે તેમને સ્કૂલમાં આ બધું શીખવવામાં આવશે. કેન્દ્ર સરકારના પંચાયતીરાજ મંત્રાલય, શિક્ષાવિભાગ અને જનજાતીય કાર્યમંત્રાલયે સાથે મળીને નક્કી કર્યું છે કે આગામી દિવસોમાં આદર્શ યુવા ગ્રામ સભા સ્પર્ધાઓનું આયોજન થશે, જેના માધ્યમથી ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ પોતાના બંધારણીય અધિકારો વિશે સમજશે. પોતાની સમસ્યા અને આકાંક્ષાઓને લોકતાંત્રિક રુપથી કેવી રીતે જાહેરમંચ ઉપર મૂકી શકે તેનું પ્રશિક્ષણ મેળવશે. કેન્દ્રીય વિદ્યાલયોથી આ પ્રકારની સ્પર્ધાની શરૂઆત થશે. ગ્રામીણ ભારતમાં વસતા વિદ્યાર્થીઓ માટે આદર્શ યુવા ગ્રામ પંચાયતની સ્પર્ધા વધારે આવશ્યક છે. સરકારનો આ વિચાર આવકાર્ય છે. શાળાના વિદ્યાર્થીની અવસ્થાથી જ જો અધિકાર અને ફરજનું જ્ઞાન રાષ્ટ્રભાવના સાથે તેમને હશે તો પરિપક્વ વયે તેઓ કોઈના દોરવાયા દોરવાઈ જાય તેવી સંભાવના ઓછી થશે. શાળાઓમાં કાલ્પનિક ગ્રામસભા તૈયાર થશે. વિદ્યાર્થી જ સરપંચ, અધિકારી અને સભાના સદસ્યો બનશે. તેમને આ પ્રકારની વ્યવહારુ તાલીમ અપાશે. આ વિદ્યાર્થીઓ પુખ્ત થાય પછી પોતપોતાની ગ્રામસભાના સદસ્ય પણ બની શકશે જેથી તેઓ પોતાના ગામના વિકાસના મુદ્દાને પણ વ્યવસ્થિત રીતે ઉઠાવી શકે. વિચાર સારો છે પરંતુ આ બાબતની સાથે જ સોસિયલ મીડિયા ઉપર ચાલતા અપપ્રચાર, દિવંગત નેતાઓ વિશે ચાલતા જુઠ્ઠાણા પણ બંધ કરાવવા જોઈએ. ઈતિહાસ આપણે ઈચ્છીએ તેવો ન હોય, તે જેવો હોય તેવો જ હોય. આ દેશની સંસ્કૃતિથી સૌ કોઈ વાકેફ થશે.

# મન્થલી માર્કેટ રિપોર્ટ : સપ્ટેમ્બર મહિનામાં સોનાના વાયદામાં રૂ.૧૨,૪૦૮ અને ચાંદીના વાયદામાં રૂ.૨૦,૨૭૨નો જંગી ઉછાળો

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૫૦ લપસ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨,૩૦,૭૧૦ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૯,૪૦,૪૯૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯,૯૯,૩૨૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૭૩૯૬ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧થી ૩૦ સપ્ટેમ્બર મહિના દરિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૧૧૭૧૨૭૪.૮૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૩૦૭૧૦.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૯૪૦૪૯૨.૧૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૩૯૬ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૦૩૬૪૩.૭૯ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્ટેમ્બર મહિના દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯,૯૯,૩૨૮.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો મહિનાના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫૨૨૪ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૭૭૮૮ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૦૫૨૨૪ના મથાળે અથડાઈ, રૂ.૧૦૪૮૫૭ના આગલા બંધ સામે મહિનાના અંતે રૂ.૧૨૪૦૮ના જંગી ઉછાળા સાથે રૂ.૧૧૭૨૬૫ થયો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૦૩૮૭ ઊછળી રૂ.૯૪૧૦૪ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૨૭૭ ઊછળી રૂ.૧૧૭૪૬ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ મહિનાના પ્રારંભે રૂ.૧૦૪૪૫૬ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૭૭૭૭ અને નીચામાં રૂ.૧૦૪૪૫૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૪૩૬૦ના આગલા બંધ સામે મહિનાના અંતે રૂ.૧૨૫૦૧ની તેજી સાથે રૂ.૧૧૬૮૬૧ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો મહિનાના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૨૨૪૯૩ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૪૪૩૩૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૨૨૪૯૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૮૭૩ના આગલા બંધ સામે મહિનાના અંતે રૂ.૨૦૨૭૨ના જંગી ઉછાળા સાથે રૂ.૧૪૨૧૪૫ના ભાવે બંધ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૦૭૬૨ની તેજી સાથે રૂ.૧૪૨૩૮૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૦૭૫૫ની તેજી સાથે રૂ.૧૪૨૩૬૧ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧,૭૪,૨૩૮.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો મહિનાના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૧૦ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૨૧૦ અને નીચામાં રૂ.૩૪૮૮ના સ્તરને સ્પર્શી, રૂ.૬૪૯ ઘટી રૂ.૩૭૫૧ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો મહિનાના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૬૦૭ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૯૦૩ અને નીચામાં રૂ.૫૪૧૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૧૯ના આગલા બંધ સામે મહિનાના અંતે રૂ.૫૦ ઘટી રૂ.૫૫૬૯ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૫૦ ઘટી રૂ.૫૫૭૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩ વધી રૂ.૨૯૬.૧ના ભાવે બંધ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨.૮ વધી રૂ.૨૯૫.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં રૂ.૨૨૨.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. મેન્થા તેલ ઓક્ટોબર વાયદો મહિનાના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૮૫ના ભાવે ખૂલી, રૂ.૨૪.૬ ઘટી રૂ.૯૬૫.૧ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો મહિનાના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૩૮૦ના ભાવે ખૂલી, રૂ.૧૦૫ વધી રૂ.૨૪૯૨ના ભાવે બંધ થયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સપ્ટેમ્બર મહિના દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૬૬૬૪૩.૪૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૩૨૬૮૪.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮૬.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૬૧૨૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૬૯૦૨.૪૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૯૬.૪૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૨૫.૮૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ મહિનાના અંતે સોનાના વાયદાઓમાં ૧૫૦૧૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૮૩૬૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૧૪૩૭૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૦૦૮૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૧૬૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૪૧૬૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૯૨૯૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૧૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦૮૨૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૭૬૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો મહિનાના પ્રારંભે ૨૫૦૬૦ પોઈન્ટના સ્તરે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૭૭૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૪૯૮૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, મહિનાના અંતે ૨૮૩૫ પોઈન્ટના ઉછાળા સાથે ૨૭૩૯૬ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

# વડોદરા મંડળ દ્વારા મહાત્મા ગાંધી જયંતીના અવસર પર સ્વચ્છતા કાર્યક્રમો નું આયોજન





પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળ માં ૧ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન “સ્વચ્છતા પખવાડા – ૨૦૨૫”નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પખવાડિયાનો ઉદ્દેશ્ય સ્વચ્છતાને જન આંદોલન બનાવવાનો અને રેલ્વે પરિસર અને મુસાફરોની સુવિધાઓમાં સ્વચ્છતાને વધુ મજબૂત અને અસરકારક બનાવવાનો છે.

મહાત્મા ગાંધી જયંતિ (૦૨.૧૦.૨૦૨૫) ના અવસર પર વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના નેતૃત્વ હેઠળ સ્વચ્છતા, જાગૃકતા અને સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપવા હેતુ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું..

આ અવસરે વડોદરા રેલ્વે સ્ટેશન પર અપર મંડળ રેલ પ્રબંધક શ્રી નીરજ ધમીજા, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન વડોદરા ની અધ્યક્ષા ડો.કવિતા ભડકે, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, સ્કાઉટ અને ગાઈડ અને મોટી સંખ્યામાં રેલ્વે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત માં બધા સહભાગીઓ માટે સ્વચ્છતાના શપથ લેવડાવવા માં આવી. ઉપરાંત પ્રભાત ફેરી નું આયોજન કરવામાં આવ્યું હતું, જે સ્ટેશન વિસ્તારમાંથી પસાર થઈને કોનકોર્સ હોલમાં સમાપ્ત થયું. મુસાફરો અને સ્થાનિક રહેવાસીઓમાં જાગરુકતા લાવવા માટે એક નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. સાથે જ “સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫” અભિયાનના ભાગ રૂપે એક ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ હતી, જેમાં વિજેતાઓને મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે અને ડૉ. કવિતા ભડકે દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના સમાપન પર, મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ સફાઈ કામદારો, સ્કાઉટ્સ અને ગાઈડ્સને ભોજન પીરસીને સમ્માનિત કર્યા. આ અવસર પર અપર મંડળ રેલ પ્રબંધક શ્રી નીરજ ધામીજા અને ડૉ. કવિતા ભડકેએ પણ સહયોગ આપ્યો.

આ ઉપરાંત, Zeroite, Kachare Se Azadi Foundation, Plasto Fuel, Compost Generation by Waste Management Plant, Vadodara Yard, CDAC – Air Pravah વગેરે જેવી વિવિધ સંસ્થાઓએ કચરો વ્યવસ્થાપન અને ટકાઉપણું પર તેમના નવીન કાર્ય અને વિચારોનું પ્રદર્શન કર્યું.

આ કાર્યક્રમમાં રેલવે કર્મચારીઓ, બિન-સરકારી સંગઠનો, સ્કાઉટ્સ અને ગાઈડ્સ અને મુસાફરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

“સ્વચ્છતા હી સેવા ના સંદેશને સાચા ગાંધીવાદી ભાવનામાં અસરકારક રીતે ફેલાવવામાં આવ્યો હતો, જે સામાજિક જવાબદારી અને સમુદાયની ભાગીદારીની મજબૂત ભાવનાને ઉજાગર કરે છે.

#### તહરીક-એ-હુર્રિયતનું હેડક્વાર્ટર સીલ

# જમ્મુ-કાશ્મીરમાં આતંકી નેટવર્ક સામે મોટી કાર્યવાહી

### વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકારે તહરીક-એ-હુર્રિયતને ગેરકાયદે સંગઠન જાહેર કર્યું હતું અને તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

જમ્મુ અને કાશ્મીર પોલીસે બુધવારે (પહેલી ઓક્ટોબર) આતંકી નેટવર્ક સામે મોટી કાર્યવાહી શરૂ કરાઈ હતી. પોલીસે બડગામ જિલ્લાના હૈદરપોરામાં પ્રતિબંધિત તહરીક-એ-હુર્રિયતના મુખ્યાલયને કબજે કર્યું. આ સંગઠનની સ્થાપના 2004માં અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાની દ્વારા કરવામાં આવી હતી. આ સંગઠન વર્ષોથી કાશ્મીરમાં ખાસ કરીને ખીણમાં અલગતાવાદી પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું હોવાના અહેવાલ છે. ગિલાનીનું 2021માં અવસાન થયું.અહેવાલો અનુસાર, હૈદરપોરામાં રહેમતાબાદ ઓફિસને ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967 (UAPA)ની કલમ 25 હેઠળ જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી મિલકતમાં 1 કનાલ 1 મરલા જમીન (ઠાસરા નંબર 946, ખાટા નંબર 306) પર ત્રણ માળની ઈમારતનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ પ્રતિબંધિત સંગઠનના કાર્યાલય તરીકે થઈ રહ્યો હતો. આ કાર્યવાહી UAPA હેઠળ બડગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR નંબર 08/ 2024 સાથે જોડાયેલી છે. પોલીસના જણાવ્યાનુસાર, એકત્રિત પુરાવાઓના આધારે અને સક્ષમ અધિકારીની યોગ્ય મંજૂરી બાદ કાનૂની જોગવાઈઓ અનુસાર મિલકત જપ્ત કરવામાં આવી હતી.આ કાર્યવાહી ગેરકાયદે અને વિધ્વંસક પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી તપાસમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના જોખમોને નિષ્ક્રિય કરવા અને પ્રદેશમાં શાંતિ જાળવવા માટે બડગામ પોલીસના દ્રઢ નિશ્ચયને પ્રતિબિંબિત કરે છે. બડગામ પોલીસ, અન્ય એજન્સીઓ સાથે મળીને, રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતા માટે હાનિકારક પ્રવૃત્તિઓમાં સામેલ વ્યક્તિઓ અને સંગઠનો સામે કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2023માં કેન્દ્ર સરકારે તહરીક-એ-હુર્રિયતને ગેરકાયદે સંગઠન જાહેર કર્યું હતું અને તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હુર્રિયત કોન્ફરન્સના ઘટક પીપલ્સ કોન્ફરન્સ, જે પ્રોક્સી ઉમેદવારો દ્વારા ચૂંટણીમાં ભાગ લે છે, તેના પર હુર્રિયત કોન્ફરન્સના મૌનને કારણે ગિલાની 2002માં જમાત-એ-ઈસ્લામી જમ્મુ અને કાશ્મીરથી અલગ થઈ ગયા હતા. ત્યારબાદ તેમણે 2004માં પોતાનું અલગ સંગઠન, તહરીક-એ-હુર્રિયત કાશ્મીર બનાવ્યું. આના કારણે હુર્રિયત કોન્ફરન્સમાં ભાગલા પડ્યા.

#### નેપાળ-લદાખમાં હિંસા બાદ આંધ્રપ્રદેશ એલર્ટ

# સોશિયલ મીડિયા પર નજર રાખવા સમિતિ બનાવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

આંધ્ર પ્રદેશ સરકારે રાજ્યમાં સોશિયલ મીડિયાની ગતિવિધિઓ પર નજર રાખવા અને ખોટી માહિતી તથા અફવાઓને કંટ્રોલ કરવા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. સરકારે મંત્રીસ્તરીય સમિતિ (GoM)ની રચના કરી છે. આ સમિતિનું મુખ્ય લક્ષ્ય સોશિયલ મીડિયાના દુરુપયોગને અટકાવી સમાજમાં શાંતિ અને સૌહાર્દ જાળવવાનું છે. રિપોર્ટ મુજબ, સમિતિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મોની જવાબદારી નક્કી કરવાનું, ખોટી માહિતીઓને અટકાવવાનું અને નાગરિકોના અધિકારની રક્ષા કરવાની કામગીરી સોંપાઈ છે. નાયડુ સરકારે રચેલી સમિતિમાં રાજ્યના આઈટી અને એચઆરડી મંત્રી નારા લોકેશ, આરોગ્ય મંત્રી વાય સત્ય કુમાર યાદવ, નાગરિક પુરવઠા મંત્રી નાદેન્દલા મનોહર, ગૃહ મંત્રી વાંગલાપુડી અનિતા અને હાઉસિંગ તથા આઈ એન્ડ પીઆર મંત્રી કોલુસુ પાર્થસારથીનો સમાવેશ કરાયો છે. તાજેતરમાં જ નેપાળમાં યુવાઓના ઉગ્ર આંદોલનના કારણે ભારે હિંસા થઈ હતી, જ્યારે જમ્મુ-કાશ્મીરના લદાખમાં પણ ભારે ઘર્ષણ થયું હતું. કેટલાક ઉપદ્રવિઓ સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરીને ખોટી માહિતી ફેલાવતા હોય છે, જેના કારણે સમાજ હિંસા અને અરાજકતા જેવી સ્થિતિનો સામનો કરે છે. ઘણાવાર ખોટી અફવાઓ અને માહિતીના કારણે વ્યાપક હિંસાઓ થતી હોય છે, જેમાં માત્ર સંપત્તિને જ નુકસાન નહીં, લોકોના જીવ પણ જાય છે, તેથી જ વર્તમાન સ્થિતિને જોતા સોશિયલ મીડિયા પર દેખરાખ રાખવી જરૂરી બની ગઈ છે.

#### કોમેડિયન મુનવ્વર ફારુકીને ટારગેટ કરવા આવ્યા હતા

# ગોલ્ડી બરાડ ગેંગના બે શૂટર એન્કાઉન્ટરમાં પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના જૈતપુર-કાલિંદી કુંજ રોડ પર આજે સવારે સ્પેશિયલ સેલની ટીમે એક એન્કાઉન્ટર બાદ રોહિત ગોદારા, ગોલ્ડી બરાડ, વીરેન્દ્ર ચારણ ગેંગના બે શૂટરોની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કોમેડિયન મુનવ્વર ફારુકી આ શૂટરોના ટારગેટ પર હતો.

ધરપકડ કરાયેલા શૂટરોના નામ રાહુલ (પાણીપત, હરિયાણા) અને સાહિલ (ભિવાની, હરિયાણા) છે. પ્રાથમિક માહિતી પ્રમાણે ઘાયલ શૂટર રાહુલ ડિસેમ્બર ૨૦૨૪માં યમુનાનગરમાં થયેલા ટ્રિપલ મર્ડર કેસમાં સંડોવાયેલો હતો અને ઓળખના અભાવે ફરાર હતો.પ્રાપ્ત માહિતી પ્રમાણે આ બંને શૂટર છેલ્લા કેટલાક દિવસોથી વિદેશી ગેંગસ્ટર રોહિત ગોદારા, ગોલ્ડી બરાડ અને વીરેન્દ્ર ચારણના ઈશારે એક સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરની હત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

તેઓ મુંબઈ અને બેંગ્લોરમાં પોતાના ટારગેટની રેકી પણ કરી ચૂક્યા હતા. પોલીસને માહિતી મળી હતી કે, હરિયાણા ટ્રિપલ મર્ડર કેસના આરોપીઓ દિલ્હીના ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની વિસ્તારમાં છે. પોલીસે તેમને સવારે લગભગ ૩:૦૦ વાગ્યે રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ બાઈક પર આવેલા ગુનેગારોએ ગોળીબાર કર્યો. જવાબી કાર્યવાહીમાં બંને શૂટરોને પગમાં ગોળી વાગી અને તેમની ધરપકડ કરીને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા. ઘટનાસ્થળેથી તેમની પાસેથી હથિયાર અને એક મોટરસાયકલ જપ્ત કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસનું કહેવું છે કે, કોમેડિયન મુનવ્વર ફારુકી આ હત્યાના ષડયંત્રમાં ટારગેટ પર હતો, પરંતુ સમયસર કાર્યવાહીથી શૂટરોનું ષડયંત્ર નિષ્ફળ ગયું.

# ગાંધી જયંતિ નિમિત્તે સાબરમતી રેલ્વે સ્ટેશન પર શ્રદ્ધાંજલિ, શ્રમદાન અને સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન








પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ પર સ્વચ્છતા પખવાડા-૨૦૨૫ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ ના અવસર પર ૨ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ સાબરમતી રેલ્વે સ્ટેશન પર શ્રદ્ધાંજલિ, શ્રમદાન અને સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ મહાત્મા ગાંધીની સ્વચ્છતા અને જાહેર સેવા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાને યાદ કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશ દ્વારા મહાત્મા ગાંધીજી ને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે અન્ય વરિષ્ઠ ડિવિઝનલ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમના ભાગ રૂપે સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અને સ્વાસ્થય નો સંદેશ ફેલાવવા માટે એક નુક્કડ નાટક પણ ભજવવામાં આવ્યું હતું. આ નાટકે મુસાફરો અને સ્ટાફનું ધ્યાન ખેંચ્યું હતુ અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવાના મહત્વ પર અસરકારક રીતે પ્રકાશ પાડ્યો હતો.

ત્યારબાદ, રેલવે અધિકારીઓ અને કર્મચારીઓએ મળીને શ્રમદાન કર્યું અને સ્ટેશન પરિસરને સ્વચ્છ બનાવ્યું. આ સામૂહિક પ્રયાસ અમદાવાદ ડિવિઝનના મુસાફરો માટે સ્વચ્છ, સુરક્ષિત અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગાંધી જયંતિ ના આ અવસર પર ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશ દ્વારા વરિષ્ઠ અધિકારીઓ સાથે સાબરમતી રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન, સ્ટેશનની એકંદર તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી, ખાસ કરીને ભીડ વ્યવસ્થાપન, સુરક્ષા પગલાં અને દિવાળીના તહેવાર દરમિયાન મુસાફરોની અવરજવરમાં અપેક્ષિત વધારાની દ્રષ્ટિએ. મુસાફરોની સુવિધા, જાળવણી અને સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે જરૂરી માર્ગદર્શિકા પણ આપવામાં આવી. અમદાવાદ ડિવિઝન મહાત્મા ગાંધીના આદર્શોને આત્મસાત કરીને સતત સ્વચ્છતા, કાર્યક્ષમતા અને ઉત્તમ મુસાફરોની સેવાઓ માટે પ્રયત્નશીલ છે અને રેલ મુસાફરોને વધુ સારો અનુભવ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### મુખ્યમંત્રીશ્રી પોરબંદરના કીર્તિ મંદિર ખાતે સર્વ ધર્મ પ્રાર્થના સભામાં સહભાગી થયા : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે પોરબંદર કિર્તી મંદિર ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પી

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશીથી આત્મનિર્ભરતા અને સમૃદ્ધિનો મંત્ર 'વોકલ ફોર લોકલ ' થી આત્મસાત કરીને વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણની પ્રેરણા આપી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે તેમના જન્મસ્થળ પોરબંદર કિર્તીમંદિર ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પ્રાર્થનાસભામાં સહભાગી થયાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કરતા કહ્યું કે,મહાત્મા ગાંધીજીએ સૂતરના તાંતણે ખાદી અને સ્વદેશીથી આઝાદ ભારત માટેની પીઠિકા ઘડીને આઝાદી અપાવી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશીથી આત્મનિર્ભરતા અને સમૃદ્ધિનો મંત્ર 'વોકલ ફોર લોકલ'થી આત્મસાત કરીને વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ પ્રેરણા આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ અસત્ય પર સત્યના પર્વ વિજયાદશમીની શુભકામનાઓ પાઠવી હતી અને પૂજ્ય બાપુની દિવ્ય ચેતનાને વંદન કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીને યાદ કરતાં જ આપણી નજર સમક્ષ એક સેવાભાવી સંત, અહિંસાના ઉપાસક અને વિશ્વમાનવનું ચિત્ર ઉપસી આવે છે. પોરબંદરની આ માટીમાંથી જન્મેલા મોહનદાસ ગાંધીજી આજે સાબરમતિના સંત અને અહિંસાના પૂજારી તરીકે સમગ્ર વિશ્વમાં પૂજાય છે.

મુખ્યમંત્રીશ્રીએ અહિંસાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. નમ્રતા વગર મુક્તિ કોઈ કાળે શક્ય નથી. પૂજ્ય બાપુએ ગરીબ અને ગામડાના નાગરિકોના ઉત્થાન માટેની અહાલેક જગાવી હતી.

એ યાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરાજ્યમાં પલટાવી ગરીબ, વંચિત, પીડિત શોષિતના કલ્યાણના ધ્યેય સાથે સુશાસન સાથે આગળ ધપાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુએ આપેલા સ્વચ્છતાના વિચારને સાર્થક કરવા વિશ્વનેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાતે જ હાથમાં ઝાડૂ લઈને સફાઈને જનઆંદોલન બનાવ્યું છે અને દેશ અને દુનિયામાં એક દાખલો બેસાડ્યો છે.

સ્વચ્છ ભારત મિશન થી નાના બાળકોથી લઈને વડીલો સૌ સ્વછાગ્રહી બન્યા છે.

ગરીબ, વંચિત અને છેવાડાના માનવી સુધી સુખ-સુવિધા પહોંચાડવાની નેમ અને વિકાસ સાથે પૂજ્ય બાપુએ જોયેલું સપનું આજે સાકાર થઈ રહ્યું છે.

વડા પ્રધાનશ્રીએ વોકલ ફોર લોકલ નો સંકલ્પ કર્યો છે અને સ્વદેશી ચળવળ થકી ખાદીના ઉત્પાદન અને વેચાણ થકી ચારથી પાંચ ગણો વધારો થયો છે મોટા પાયે રોજગારીનું પણ નિર્માણ થયું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

હવે આપણાં ઉદ્યોગો વોકલ ફોર લોકલ અને સ્વદેશી અપનાવીને 'આત્મનિર્ભર ભારત, સમૃદ્ધ ભારત'માં સહયોગી બને તે માટે તાજેતરમાં વડાપ્રધાનશ્રીએ નેક્સ્ટ જનરેશન જી.એસ.ટી રિફોર્મ્સની ભેટ આપી છે. આ ભેટ જનજનના બચત ઉત્સવની સાથે દેશના વિકાસ માટે સ્વદેશીને વેગ આપશે.

જે પ્રકારે સ્વરાજ્ય માટે સ્વદેશીનો આગ્રહ તે પ્રકારે 'સમૃદ્ધ ભારત, આત્મનિર્ભર ભારત'ને સાર્થક બનાવવા સ્વદેશીને અપનાવવા આજના દિવસે સંકલ્પ કરી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા મુખ્યમંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું.

સ્વદેશીની સાથે સાથે જ મોબાઈલ એ માહિતી અને સેવા મેળવવાનું અગત્યનું માધ્યમ છે, એવી આધુનિકીકરણની વાત રજૂ કરતા મુખ્યમંત્રીશ્રીએ કિર્તીમંદિર ખાતે પૂજ્ય બાપુના જન્મસ્થળની માહિતી આવરી લેતા ક્યૂઆર કોડના માધ્યમથી પ્રવાસીઓને સરળતાથી સ્થાપત્ય અને બાપુના જીવનકવન વિશે આંગળીઓના ટેરવે માહિતી મળશે એ સુવિધાની વાત રજૂ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દેશને ગુલામીમાંથી મુક્તિ અપાવવા પૂજ્ય બાપુના નેતૃત્વમાં ૧૯૪૭માં આપણને આઝાદી મળી હવે ૨૦૪૭માં આઝાદીની શતાબ્દિ સાથે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની અમૂલ્ય તક આપણને મળી છે.

૨૦૪૭ સુધી આ અમૃતકાળની યાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં આપણે આત્મનિર્ભરતા, ગરીબ કલ્યાણ, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના વિચાર સાથે આગળ વધારીએ.

મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને હૃદયમાં પ્રેમ, જીવનમાં અહિંસા, સમાજમાં સમરસતા અને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે કર્તવ્યરત રહેવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે પોરબંદરની ભૂમિ પ્રખ્યાત છે – એક ચક્રધારી મોહન એટલે ભગવાન શ્રીકૃષ્ણના સખા સુદામાથી અને અને બીજા મોહન એટલે ચરખાધારી રાષ્ટ્રપિતા પૂજ્ય બાપુની ભૂમિથી.

મંત્રી શ્રી એ કહ્યું કે,ગાંધીજીની આ ભૂમિ આપણને હકારાત્મક સંવેદનાઓનો અનુભવ કરાવે છે. પૂજ્ય બાપુ સ્વચ્છતા અને સ્વદેશીના આગ્રહી હતા.

તેમની આ સ્વદેશી અને સ્વચ્છતા પહેલને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગળ વધારી છે, જેનાથી દેશ આત્મનિર્ભર અને સમૃદ્ધ બનશે.

વધુમાં, તેમણે 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના સૂત્ર સાથે આગળ વધવા અપીલ કરી હતી અને પૂજ્ય બાપુ જન્મજયંતિ તથા લાલ બહાદુર શાસ્ત્રી જન્મજયંતિની શુભકામનાઓ પાઠવી હતી.

પ્રાર્થનાસભાના સમાપન બાદ મુખ્યમંત્રીશ્રીએ પરિસરના 'સંગ્રહસ્થાન' ખાદી ગ્રામોદ્યોગમાંથી ખાદીની ખરીદી કરી હતી અને કિર્તીમંદિર સંચાલન સમિતિ દ્વારા તૈયાર કરાયેલા 'પરિવારના મોભીનો વૈભવી ઈતિહાસ' ક્યૂઆર કોડનું અનાવરણ કર્યું હતું. આ ક્યૂઆર કોડની મદદથી કિર્તીમંદિરની મુલાકાતે આવતા પ્રવાસીઓને ગાંધીજીના જન્મસ્થળ તથા કિર્તીમંદિર સ્મારકના અગત્યના ભાગોની ખાસિયતો વિશે હિંદી, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં ઓડિયો તેમજ લખાણના સ્વરૂપે માહિતી ઉપલબ્ધ થશે.

પૂજ્ય બાપુના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાની સાથે જ મુખ્યમંત્રીશ્રીએ કસ્તૂરબા ધામની પણ પ્રથમ વખત મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં.

મૌલિકભાઈ અને ગાયન વૃંદ દ્વારા 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ....'સહિતના ભક્તિ ભજનની સરવાણીના માધ્યમથી પૂજ્ય બાપુને સ્મરણાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન નીરવ જોશી એ કર્યું હતું.

સર્વધર્મ પ્રાર્થનાસભામાં ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરબતભાઈ પરમાર, ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, કલેક્ટર શ્રી એસ.ડી.ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.બી.ચૌધરી, મ્યુનિસિપલ કમિશનર શ્રી હસમુખ પ્રજાપતિ, રેન્જ આઈજી શ્રી નિલેશ જાજડિયા, રિયર એડમિરલ શ્રી સતિષ વાસુદેવ, જિલ્લા પોલીસવડા શ્રી ભગીરથસિંહ જાડેજા, પૂર્વ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડૉ.ચેતનાબહેન તિવારી, પોરબંદર શહેર ભાજપ પ્રમુખ શ્રી સાગરભાઈ મોદી, સહિત અધિકારીઓ-પદાધિકારીઓ અને નગરજનોએ ઉપસ્થિત રહી પૂજ્ય ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# મહાત્મા ગાંધીજીની ૧૫૬મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા ખાતે તેમની પ્રતિમા-તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરતાં મંત્રીશ્રી-મેયરશ્રી



'મેરા જીવન હી મેરા સંદેશ હૈ' નો ભારત સહિત વિશ્વભરમાં સંદેશ આપનાર પૂજ્ય મહાત્મા ગાંધીજીની આજે ૧૫૬મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા પટાંગણમાં સ્થિત તેમની ભવ્ય પ્રતિમા તેમજ ગૃહમાં તેમના તૈલચિત્ર સમક્ષ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ,સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તેમજ ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જન્મ જયંતિ નિમિત્તે મહાત્મા ગાંધીજીને યાદ કરતાં કહ્યું હતું કે,ગાંધીજીના જીવન પર અનેક પ્રકારના મૂલ્યવાન પુસ્તક લખાયેલા છે. તેમના અહિંસાના વિચારોથી પ્રેરીત થઈને યુનો દ્વારા તેમના જન્મ દિવસને 'વિશ્વ અહિંસા દિવસ' તરીકે પણ ઉજવવાની પહેલ કરવામાં આવી છે.

મંત્રી શ્રી વિશ્વકર્માએ આ પ્રસંગે ચૌધરી વિદ્યાલયની વિદ્યાર્થીની ઓની સાથે સંવાદ કરતા કહ્યું હતું કે,આપણે પોતાના જીવનમાં ગાંધીજીના જીવન મૂલ્યોમાંથી કોઈ એક સારા વિચારનો અમલ કરવો જોઈએ. જેમાંથી સ્વદેશી વસ્તુઓનો આગ્રહ,પાણી બચાવવું,અન્નનો બગાડ કરવો નહીં, અનુસાશન, સત્ય બોલવું, સ્વચ્છતાના આગ્રહી બનવું? અને સમયનું પાલન કરવું વગેરે અપનાવી શકાય.

તેમણે જણાવ્યું હતું કે,મહાત્મા ગાંધીજીના સ્વદેશી વિચાર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વધુને વધુ 'આત્મનિર્ભર' બનાવવા આપણા દેશમાં જ બનેલી સ્વદેશી વસ્તુઓ વાપરવાનો સૌ ભારતીયો અનુરોધ કર્યો છે,આ સ્વદેશી વિચારને આપણે સૌએ પોતાના દૈનંદિન જીવનમાં અપનાવવો જોઈએ.

આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ,શહેર ભાજપ પ્રમુખ શ્રી આશિષ દવે,વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા, સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, ઉચ્ચ અધિકારીઓ, નગરજનો તેમજ જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

- જનક દેસાઈ

### સાબરકાંઠાની સહકારી સંસ્થાઓ દ્વારા પીએમ મોદીનો હૃદયપૂર્વકનો આભાર

# સાબરકાંઠા કો.ઓપરેટીવ બેંક દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૩, ૨૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




સાબરકાંઠા જિલ્લામાં હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા માટે એક વિશેષ પોસ્ટકાર્ડ ઝુંબેશનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અભિયાનમાં જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓ ઉત્સાહભેર જોડાઈ રહી છે, આ અભિયાનને વધુ વેગવંતુ બનાવવાના ભાગરૂપે સાબરકાંઠા કો.ઓપરેટીવ બેંકના સભાસદોએ પણ વડાપ્રધાનનો આભારવ્યકત કરતા ૩,૨૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખ્યા છે.

સાબરકાંઠા બેંકના ચીફ એકિઝકયુટીવ હિતેનકુમાર નાયકે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલયની સ્થાપના થવાથી ગ્રામીણ અર્થતંત્રને મજબુતી પ્રાપ્ત થઈ છે. વધુમાં તેમણે ઉમેર્યુ હતુ કે સહકારી ક્ષેત્ર, ખાસ કરીને પશુપાલન, નવી ઉંચાઈઓ સર કરી રહ્યુ છે. જેનાથી લાખો પશુપાલકોને આર્થિક લાભો થયા છે. આ પરીવર્તનકારી નિર્ણયના ફળ સ્વરૂપે, આજે દુધના ભાવમાં વધારો થયો છે અને પશુપાલકોની આવકમાં પણ નોધપાત્ર વધારો થયો છે. મંત્રાલયની રચના બાદ પશુપાલકોને વિવિધ યોજનાઓ અંતર્ગત સબસીડી પણ મળી રહી છે. આ નિર્ણયો અને નિતીઓએ પશુપાલકોને આર્થિક રીતે શસકત બનાવ્યા છે. જેના પરીણામે ગ્રામીણ અર્થતંત્રને નવુ જોમ અને ગતિ પ્રાપ્ત થઈ છે, પોસ્ટકાર્ડના માધ્યમથી સભાસદો તેમના દિલની વાત વડાપ્રધાનને પહોચાડી આભારવ્યકત કરી રહ્યા છે.

આ પોસ્ટકાર્ડ ઝુંબેશ દ્વારા સભાસદોએ વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ લેવાયેલા મુખ્ય નિર્ણયો બદલ કૃતજ્ઞતા વ્યકત કરી છે. સહકાર મંત્રાલયની સ્થાપના ઉપરાંત સહકાર ક્ષેત્રમાં લેવાયેલી નવી પહેલો, જીએસટી સુધારાઓ અને સ્વદેશી ચળવળને પ્રોત્સાહન આપવા બદલ પણ સભાસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. આ પહેલોએ ગ્રામીણ અર્થતંત્ર અને પશુપાલકોના જીવનમાં સકારાત્મક પરીવર્તન લાવ્યા છે, આ સામુહિક ઝુંબેશ સહકાર ક્ષેત્રના લોકો માં સરકાર પ્રત્યેની સકારાત્મક ભાવનાને દર્શાવે છે.

# વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવામાં શાળાઓ કરી રહી છે ગલ્લા તલ્લા : મુદતમાં વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ સાથે જોડાયેલી શાળાના સંચાલકોએ ફરજીયાત રીતે વર્ષ ૨૦૨૫ -૨૬ માં વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરીને બોર્ડને મોકલવાનો રહેશે તેવી સુચના અનેક વખત આપવા છતાં સંખ્યાબંધ શાળાના સંચાલકોએ હજુ સુધી આવો રીપોર્ટ ભરીને બોર્ડને મોકલ્યો નથી.

અગાઉ કરાયેલી જાહેરાત મુજબ તારીખ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં દરેક શાળાઓએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડને વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ફરજીયાત રીતે ભરીને મોકલી દેવાનો હતો. પરંતુ સંખ્યાબંધ શાળાઓએ આવો રીપોર્ટ ન મોકલતા જે તે શાળા સંચાલકો સામે નિયમ મુજબની કડક કાર્યવાહી કરવાને બદલે બોર્ડે મુદતમાં વધારો કરીને વધુ એક તક શાળા સંચાલકોને આપી છે. બોર્ડના સત્તાવાર સાધનોના જણાવ્યા મુજબ તારીખ ૩૦ સપ્ટેમ્બર ના બદલે હવે તારીખ ૧૫ ઓકટોબર સુધી શાળા સંચાલકો આવો રીપોર્ટ ઓનલાઈન સબમીટ કરી શકશે. શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષકો, તેની શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગારધોરણ, વિદ્યાર્થીઓની સંખ્યા સહિત ઝીણામાં ઝીણી વિગતો વાર્ષિક નિરીક્ષણ અહેવાલમાં શાળા સંચાલકોએ બોર્ડને પુરી પાડવાની હોય છે. સંખ્યાબંધ શાળાઓમાં પુરતી લાયકાત ધરાવતા શિક્ષકો ન હોવાની અને શિક્ષકોને પુરતો પગાર ન અપાતો હોવાની વ્યાપક ફરીયાદો બાદ બોર્ડે આ વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત જયારે ઉત્તરવહીઓના મુલ્યાંકનની વાત આવે ત્યારે અમારી શાળા પાસે પુરતા પ્રમાણમાં શિક્ષકો નથી તેવુ કહીને મુલ્યાંકનની કાર્યવાહીથી દુર રહેતા હોય છે. પરંતુ હવે બોર્ડે આગોતરૂ આયોજન કરીને દરેક શાળા પાસેથી તેના સ્ટાફ સહીતની જુદી જુદી નાનામાં નાની વિગતો મંગાવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાર સાધનોના જણાવ્યા મુજબ શાળા સંચાલકો બોર્ડની વેબસાઈટ પર પોતાની શાળાનો ઈન્ડેક્ષ નંબર અને પાસવર્ડ નાખીને ઓનલાઈન વિગતો ભરી શકશે. વિગતો કેવી રીતે ભરવી ? તેની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન બોર્ડની વેબસાઈટ પર દર્શાવવામાં આવી છે. દરેક શાળાએ આવી વિગતો ભરવાનુ ફરજીયાત છે અને હવે તારીખ ૧૫ ઓકટોબર પછી જે શાળાઓની વિગતો નહી મળે તેમની સામે આખરી કાર્યવાહી અને દંડ કરવામાં આવશે.

# મહાત્મા ગાંધી જયંતિ અને સ્વચ્છ ભારત દિવસના અવસરે ભાવનગર રેલવે મંડળમાં નિરીક્ષણ, વૃક્ષારોપણ તથા પુરસ્કાર વિતરણ કાર્યક્રમનું આયોજન







મહાત્મા ગાંધી જયંતિ અને સ્વચ્છ ભારત દિવસના ઉપલક્ષ્યે ૦૨ ઓક્ટોબર, ૨૦૨૫ (ગુરુવાર)ના રોજ પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ ખાતે "સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫" તથા "સ્વચ્છતા પખવાડિયું – ૨૦૨૫" નો ભવ્ય સમાપન સમારોહ યોજાયો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે ભાવનગર પરા સ્થિત રેલવે પોલીસ પોસ્ટ (સિન્હા કોલોની), ભાવનગર પરા સ્થિત રેલવે ઉદ્યાન અને ભાવનગર પરા સ્થિત રેલવે મ્યુઝિયમ ખાતે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાંશુ શર્મા તથા શાખા અધિકારીઓ દ્વારા નિરીક્ષણ તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), ભાવનગર મંડળની અધ્યક્ષ શ્રીમતી શાલિની વર્મા તથા મહિલા કલ્યાણ સંગઠનની તમામ પદાધિકારીઓએ ભાવનગર પરા સ્થિત રેલવે મ્યુઝિયમનું નિરીક્ષણ કર્યું અને મંડળ સુરક્ષા આયુક્ત કાર્યાલય પરિસરમાં શહીદ સ્મારક પાસે વૃક્ષારોપણ કર્યું. આ સ્થળોએ પૌધારોપણ દ્વારા પર્યાવરણનું સંતુલન તથા હરિત વિસ્તાર વધારવાનો સંદેશ આપવામાં આવ્યો. આ અભિયાનએ સ્થાનિક નાગરિકો અને રેલવે કર્મચારીઓને સ્વચ્છતા તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવા મહત્વની ભૂમિકા ભજવી. અભિયાનનો સમાપન સમારોહ મંડળ કાર્યાલય સ્થિત સભાખંડમાં યોજાયો. આ પ્રસંગે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), ભાવનગર મંડળની અધ્યક્ષ શ્રીમતી શાલિની વર્મા તથા મહિલા કલ્યાણ સંગઠનની પદાધિકારીઓ દ્વારા કેન્દ્રીય વિદ્યાલય, બાલ મંદિર અને કિડ્સ હટના ૧૨ બાળકોને ચિત્રકલા સ્પર્ધામાં વિજેતા બનવા બદલ પુરસ્કૃત કરવામાં આવ્યા. આ બાળકો એ સ્વચ્છતા, હરિત પર્યાવરણ તથા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આદર્શોને તેમની ચિત્રકૃતિઓ દ્વારા જીવંત કર્યા. તે ઉપરાંત સ્વચ્છતા પખવાડિયું–૨૦૨૫ દરમિયાન ઉત્તમ કાર્ય કરનારા ૧૨ કર્મચારીઓને મંડળ રેલ પ્રબંધક દ્વારા એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. "સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫" અભિયાન (૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર ૨૦૨૫) દરમિયાન કરેલા અસાધારણ યોગદાન બદલ તેમને પુરસ્કાર આપવામાં આવ્યા. આ કર્મચારીઓએ "વેસ્ટ ટુ આર્ટ", ક્લીનલીનેસ ટારગેટ યુનિટ (CTU) માં સુધારા, કાર્યસ્થળ પર સ્વચ્છતા, જનજાગૃતિ અને શ્રમદાન જેવી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર કાર્ય કર્યું.

૧૭ દિવસ સુધી ચાલેલા આ અભિયાન દરમ્યાન મંડળ સ્તરે અનેક સ્થળોએ શ્રમદાન, સ્વચ્છતા રેલી, જાગૃતિ અભિયાન તથા પૌધારોપણ કાર્યક્રમો યોજાયા. "વેસ્ટ ટુ આર્ટ" ની પહેલ હેઠળ રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારો દ્વારા કચરો તથા અવશિષ્ટ સામગ્રીને ઉપયોગી કલાત્મક કૃતિઓમાં ફેરવી પર્યાવરણ સંરક્ષણનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું. સ્ટેશન પરિસર, કોલોનીઓ, વર્કશોપ તથા કાર્યાલયોમાં વ્યવસ્થિત સફાઈ તથા સ્વચ્છ વાતાવરણ જાળવવા માટે સંયુક્ત પ્રયાસો કરવામાં આવ્યા. સમગ્ર પખવાડિયું દરમ્યાન અધિકારીઓ, કર્મચારીઓ, શાળાના વિદ્યાર્થીઓ તથા નાગરિકોની સક્રિય ભાગીદારી રહી. આ સમારોહ માત્ર એક ઔપચારિક કાર્યક્રમ ન હતા, પરંતુ મહાત્મા ગાંધીજીના "સ્વચ્છતા હી સેવા" ના આદર્શોને જનજન સુધી પહોંચાડવાનું સાધન સાબિત થયો. ભાવનગર મંડળે આ અવસરે સંકલ્પ કર્યો કે આવનારા સમયમાં પણ રેલવે પરિસર તથા સમાજને સ્વચ્છ, હરિત અને સ્વસ્થ બનાવવા માટે સતત પ્રયાસો ચાલુ રાખશે.

# ડીવાયએસપી પ્રમોશનને હજુ રાહ જોવી પડશે: ફાઈલ સાથે ગયેલ ડીજીપીને હજુ રાહ જોવા ગૃહમંત્રીએ કરી સુચના

પ્રતિનિધિ,ગાંધીનગર




થોડા સમય અગાઉ જ રાજયભરના ૧૦૦ થી વધુ આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસબેડામાં આનંદ છવાયો હતો. તુરંતજ પીઆઈ ટુ ડીવાયએસપી પ્રમોશન અને પીએસઆઈમાંથી પીઆઈ થયેલ તેમજ બદલીની ૪ વરસથી રાહ જોતા કેટલાય પીઆઈ માટે રાહત સમાચાર આવશે તેવી રાહ જોઈ બેઠેલા અધિકારીઓ માટે હજુ મંત્રી મંડળ વિસ્તરણ સુધી રાહ જોવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે.

ગાંધીનગર થી પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ૪ વરસથી એક જ જગ્યાએ ફરજ બજાવતા પીઆઈ લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહ્યા છે ત્યારે સીનીયર પીઆઈ ડીવાયએસપી પ્રમોશનની લાઈનમાં છે. જે પ્રમોશન મળ્યા બાદ પીઆઈની બદલી થઈ શકે તેમ છે. જેથી થોડા દિવસો અગાઉ જ ડીવાયએસપી પ્રમોશનની ફાઈલ તૈયાર કરી રાજય પોલીસવડા વિકાસ સહાય ગૃહમંત્રીને મળવા પહોચ્યા હતા, ત્યારે ગૃહમંત્રીએ ડીજીપીને ફાઈલ પરત લઈ જવા કહ્યુ હતું કે હાલ પ્રમોશન / બદલી રહેવા દયો, આથી મનાઈ રહ્યુ છે કે જયાં સુધી સંગઠન અને મંત્રી મંડળ વિસ્તરણ ન થાય ત્યાં સુધી કોઈ ફેરફાર કરવાના નથી તેવુ સુત્રોમાંથી જાણવા મળી રહ્યુ છે. જાણવા મળતી વિગત મુજબ જયારે ખુદ ગૃહમંત્રી હર્ષ સંઘવીને પ્રમોશન મળે અને કેબિનેટમાં સ્થાન મળે તેવી એક સંભાવના છે. તેવા ફેરફાર આગામી સમયમાં થવાનો હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. જેથી તેઓએ ગૃહવિભાગમાં પોલીસની બદલીની કામગીરી હાલ પુરતી સ્થગિત કરી દીધી છે. હાલ ડીઆઈજી રેન્કના ૧૦ થી વધુ અધિકારીઓ પણ પોસ્ટની રાહ જોઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ પ્રમોશન બાદ બદલી તુરંતજ આવતી હતી હાલ સ્થિતિ કંઈક અલગ જ છે. પીએસઆઈમાંથી પીઆઈ બનેલ કેટલાય અધિકારીઓ જિલ્લા ફેર સાથેની બદલીની રાહ જોઈ રહ્યા છે ત્યારે ગૃહવિભાગ અને ડીજીપી ઓફીસ દ્વારા પ્રમોશન અને બદલી બાબતે કોઈપણ પ્રકારની હિલચાલ ન થતા કયાંક પોલીસબેડામાં કચવાટ જોવા મળી રહ્યો છે. કારણ કે જયાં સુધી ડીવાયએસપી પ્રમોશન ન આવે ત્યાં સુધી પીઆઈની બદલી શકય નથી.

# નવરાત્રિ-૨૦૨૫ઃ 'આપણી આસપાસના હીરો' થીમ પર શિવ અનંતા પરિવાર દ્વારા ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું સફળ આયોજન



નવરાત્રિ-૨૦૨૫ના વિશેષ પર્વ નિમિત્તે, શિવ અનંતા પરિવાર દ્વારા ૧ ઓક્ટોબરના રોજ એક જીવંત અને કલ્પનાશીલ ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. "આપણી આસપાસના હીરો અને મહાકાવ્યો"ની થીમ હેઠળ, સ્પર્ધકોએ પ્રેરણાદાયી વ્યક્તિઓની સમૃદ્ધ શૃંખલાનું નિરૂપણ કર્યું. જેમાં શિવ ભગવાન, મા દુર્ગા, મા સરસ્વતી, મા લક્ષ્મી, મા ખોડિયાર, અને શ્રી ગણેશ જેવા આદરણીય દેવી-દેવતાઓથી લઈને છત્રપતિ શિવાજી અને રાણી પદ્માવતી જેવા ઐતિહાસિક નાયકો, તેમજ શિક્ષક, ક્રિકેટર અને માસ્ટર શેફ જેવા સમકાલીન રોલ મોડેલ્સનો સમાવેશ થયો. શ્રી કૃષ્ણ, શ્રી રાધા, શ્રીનાથજી, રુહબાબા અને છોટા પંડિત જેવા અસંખ્ય પાત્રોએ પણ પોતાની અદભૂત પ્રસ્તુતિઓ રજૂ કરી. ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રયાસો અને અનન્ય વેશભૂષાને કારણે નિર્ણાયક મંડળ માટે નિર્ણય લેવો મુશ્કેલ હતો. અંતે, સંકેત રાણાને અર્ધનારેશ્વરના અદભૂત નિરૂપણ માટે પ્રથમ ઈનામ મળ્યું, કૌશિકા પ્રકાશને મા દુર્ગાના મંત્રમુગ્ધ કરનાર પાત્રાલેખન માટે દ્વિતીય ઈનામ એનાયત થયું, અને પીહુ શર્માએ રાણી પદ્માવતીના સુંદર વેશ માટે તૃતીય ઈનામ મેળવ્યું. આ કાર્યક્રમે સાંસ્કૃતિક આદર અને ઉત્સવની ઉજવણીનું સફળ મિશ્રણ રજૂ કર્યું.

# પ્રજાનો બળાપો : ભાજપ માનીતા ધારાસભ્યોનો મંત્રી મંડળમાં સમાવેશ કરશે તો આવનારી વિધાનસભાની ચુંટણીઓ હારવાની તૈયારી રાખે




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલમાં ભાજપની ૧૫૬ બેઠકો છે અને તેમાંય ૬ ધારાસભ્યોએ પક્ષપલ્ટો કર્યા બાદ હાલમાં ભાજપ પાસે ૧૬૨ બેઠકો છે.

ગુજરાતમાં ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીઓ બાદ ઉતાવળે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારમાં ૧૬ જેટલા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો .જેમાં ૮ રાજય કક્ષાના અને ૮ કેબિનેટ કક્ષાના મંત્રીઓ બનાવવામાં આવ્યા હતા જેમાં મોટાભાગના મંત્રીઓ પાસે વિભાગની પુરતી જાણકારી ન હોવાને કારણે પ્રજાને અધિકારીઓ અને મંત્રીઓ પાસે ધકકા ખાવાનો સમય આવી રહ્યો છે. અને તેમાંય આ બંનેની વચ્ચે મંત્રીઓના અંગત સચિવો, અંગત મદદનીશો અને અધિક અંગત મદદનીશોને ઘી કેળા થઈ જવા પામ્યા છે. કારણ કે એકેય મંત્રીને વિભાગની પુરતી જાણકારી ન હોવાને કારણે મંત્રીઓના અંગત સચિવો, અંગત મદદનીશો અને અધિક અંગત મદદનીશોની સલાહ લઈ પ્રજાના કામો મંત્રીઓ કરી રહ્યા છે. મંત્રીઓને પુરતી વિભાગની જાણકારી હોતી નથી આ મંત્રીઓમાં મંત્રી બલવંતસિંહ રાજપુત કે જેઓ જુનિયર ઓફીસરની તેઓની નિમણુંક કરી છે. હાલમાં આ જુનીયર ઓફીસરની સલાહ લઈ આ મંત્રી પ્રજાના કામો કરી રહ્યા છે તે જ પ્રમાણે ગૃહમંત્રી ગૃહ વિભાગના અધિકારીઓ પાસે કામ કરાવી શકતા નથી અથવા તો અધિકારીઓ પાસેથી કેવી રીતે કામ લેવાય તેની પુરતી જાણકારી ન હોવાને કારણે આજે લોકમુખે ચર્ચાયેલ મુજબ ગૃહમંત્રી મંત્રીઓના કામો વિભાગ પાસે કરાવી શકતા નથી જેના કારણે ગૃહમંત્રીના કાર્યાલયે મંત્રીઓ અને ધારાસભ્યોની ભલામણો ધુળ ખાઈ રહી છે.

તો બીજી તરફ આરોગ્ય મંત્રી ઋષીકેશ પટેલને આરોગ્ય વિભાગના અધિકારીઓએ શોભાના ગાંઠીયા સમાન બનાવી દેવામા આવતા આજે ઉપરથી નીચે સુધીના તમામ આરોગ્ય વિભાગના અધિકારીઓ મરજી મુજબ નિર્ણયો લઈ રહ્યા છે. જેને લઈ આરોગ્ય વિભાગમાં ભ્રષ્ટાચાર ફુલ્યોફાલ્યો છે. તે જ પ્રમાણે વનમંત્રી મુળુભાઈ બેરા સાથી મંત્રીઓ પાસે કામ કરાવી શકતા નથી. આમ અનેક ફરીયાદો પ્રજામાં ઉઠી રહી છે.

ત્યારે આવનાર મંત્રી મંડળ વિસ્તરણમાં ભાજપ જો માનીતા મંત્રીઓને મંત્રી મંડળમાં સમાવેશ કરશે તો આવનારી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીઓમાં હારવાની તૈયારી રાખે તેવી આમ પ્રજામાં જોર પકડયુ છે. હવે પ્રજા જાગૃત થઈ ગઈ છે. વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપ સામે કોંગ્રેસ બાદ હવે આમ આદમી પાર્ટીનો પ્રજા પાસે વિકલ્પ છે, મોદીનો જાદુ ધીરે ધીરે ઓસરી રહ્યો છે. જેથી ભાજપ પાસે હવે માંડ એકાદ વરસનો સમયગાળો રહ્યો છે ત્યારે પ્રજાની વચ્ચે પ્રજાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવી શકે તેવા ધારાસભ્યોનો મંત્રીમંડળમાં સમાવેશ કરવાની પ્રજાએ માંગ કરી છે.

# મુખ્યમંત્રી દ્વારા પોતાના સુરક્ષા પોલીસ જવાનો સાથે વિજયાદશમીના પાવનપર્વે શસ્ત્ર પુજન કર્યુ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મુખ્યમંત્રીની સુરક્ષા અને સલામતી સાથે સંકળાયેલા પોલીસ જવાનો સાથે વિજયાદશમીના પાવન પર્વે મુખ્યમંત્રી નિવાસ સ્થાને શસ્ત્ર પુજન કર્યુ હતું. મુખ્યમંત્રીએ ભારતીય સનાતન સંસ્કૃતિમાં શસ્ત્ર અને શાસ્ત્રના પુજનની ઐતિહાસિક પુરાતન પરંપરાને આ શસ્ત્ર પુજન માં જોડાઈને વધુ ઉજાગર કરી હતી. તેમણે સુરક્ષા કર્મીઓને વિજયા દશમીના પર્વની શુભેચ્છાઓ પાઠવતા કહ્યુ હતુ કે આસુરી શકિત પર દૈવી શકિતના વિજય નુ પ્રતિક એવુ આ વિજયાદશમી પર્વ સમાજના આતતાયી શકિતઓને પરાસ્ત કરવાનો અવસર પણ છે. સુરક્ષા કર્મીઓએ પણ રાષ્ટ્રીય અને રાજય તેમજ સમાજની રક્ષા અને સુરક્ષા માટે સમર્પિત ભાવ સાથે કર્તવ્યરત રહેવાનુ છે. તેની વિભાવના મુખ્યમંત્રીએ કર્મના સિધ્ધાંતોને અનુરૂપ ઉદાહરણોથી સમજાવી હતી. મુખ્યમંત્રીના સલામતી પોલીસ અધિક્ષક તેજસ પટેલ,નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઈન્સ્પેકટર્સ તથા પીએસઆઈ અને કમાંડોઝ આ શસ્ત્ર પુજામાં સહયોગી થયા હતા.

# આજે પ્રદેશ ભાજપના નવા પ્રમુખ બિનહરીફ થાય તેવી શકયતાઓ : પક્ષે જાહેર કર્યો ચુંટણી કાર્યક્રમ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ આજે શુક્રવારે સાંજે બિનહરીફ જાહેર થાય તેવી પુરેપુરી સંભાવના છે. ગુજરાત ભાજપે મોવડી મંડળના માર્ગદર્શન હેઠળ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ માટે ચુંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. જેમાં આજે તા. ૩ ઓકટોબર ના રોજ ઉમેદવારી પત્ર ભરવા ઉપરાંત ભરાયેલા ઉમેદવારી પત્ર ચકાસવાનો દિવસ નકકી કરાયો છે. જયારે જરૂર પડે આવતી કાલે ૪ ઓકટોબરને શનિવારના રોજ ચુંટણી યોજવાનુ નકકી કરવામાં આવ્યુ છે. ભાજપના બંધારણ મુજબ આ પ્રદેશ પ્રમુખની ચુંટણી માટે વિવિધ કક્ષાએ થઈને કુલ ૨૨૪ મતદારો નોંધાયેલા છે. વર્તમાન પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંતભાઈ આર પાટીલની પ્રમુખ તરીકેની ટર્મ પુરી થઈ ગઈ છે. નવા પ્રદેશ પ્રમુખ તરીકે ભાજપમાં કેટલાક નામ ચર્ચાઈ રહ્યા છે. જેમાં આ ચર્ચાતા નામ પૈકી ધારાસભ્ય, પૂર્વ મંત્રીઓ, સંગઠનના પૂર્વ પદાધિકારીઓનો સમાવેશ થાય છે. જો કે આ બધા નામ છેલ્લા ૬ મહિનાથી ભાજપના કાર્યકરોના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યા છે. જેમાં (૧) ઉદય કાનગડ (ધારાસભ્ય) (૨) ડો. પ્રદ્યુમન વાજા (ધારાસભ્ય) (૩) મયંક નાયક (રાજયસભા સાંસદ ) (૪) જગદીશ પંચાલ (સહકાર પ્રોટોકોલ મંત્રી ગુજરાત સરકાર) (૫) દિનેશ મકવાણા (અમદાવાદ પૂર્વ સંસદ સભ્ય ) (૬) જીતુ વાઘાણી (ધારાસભ્ય પૂર્વ પ્રદેશ પ્રમુખ) (૭) શંકર ચૌધરી (વિધાનસભા અધ્યક્ષ, પુર્વ મંત્રી ) (૮) હર્ષ સંઘવી (ગૃહમંત્રી ગુજરાત સરકાર) (૯) દેવુસિંહ ચૌહાણ (ખેડા સાંસદ ,પુર્વ કેન્દ્રીય મંત્રી ) (૧૦) વિનોદ ચાવડા (કચ્છ સાંસદ , પ્રદેશ મહામંત્રી)

ચુંટણીના જાહેર થયેલા કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્ર સ્વીકારવાની આજે તા. ૩ ઓકટોબરના રોજ સવારના ૧૧ વાગ્યા થી બપોરના ૨ વાગ્યા સુધીનો સમય નિર્ધારીત કરવામાં આવ્યો છે જયારે ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણીનો સમય અને તા. ૩ ઓકટોબરને શુક્રવારના રોજ બપોરના ૩ થી ૪ કલાકનો સમય નકકી કરવામાં આવ્યો છે. એક કરતા વધુ ઉમેદવારી પત્ર જો ભરાયેલા હોય અને કોઈને પરત ખેંચવુ હોય તો આજે તા. ૩ ઓકટોબર ના રોજ સાંજે ૫ થી ૫ઃ૩૦ સુધીમાં પરત ખેંચી શકાશે. નવા પ્રદેશ પ્રમુખ માટે જાહેર કરાયેલ ચુંટણી પ્રક્રિયા બાદ પણ જો ચુંટણીની જરૂર પડે તો આવતી કાલે તા. ૪ ઓકટોબર ના સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધીમાં યોજવામાં આવશે તેવુ ચુંટણી કાર્યક્રમમાં જાહેર કરાયુ છે. જો કે ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ માટેની હોદ્દાની રૂએ કુલ ૨૨૪ મતદારો નકકી કરવામાં આવ્યા છે.

# ગાંધીનગરના સચિવાલયથી મહાત્મા મંદિર સુધી દોડશે મેટ્રો ટ્રેનઃ અમદાવાદથી ગાંધીનગર વચ્ચે ૫૩ સ્ટેશન રહેશે



પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મેટ્રો રેલની કામગીરી વધુ વેગવાન બને, વિજયા દશમીના પાવન પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટ ના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળતા પૂર્વક શરૂ કરવામાં આવી છે. રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે અને હાલ સચિવાલય સુધી દોડાવવામાં આવતી મેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જુના સચિવાલય, સેકટર ૧૬ અને સેકટર ૨૪ તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન શરૂ થઈ છે. આ ટ્રાયલ રન પુર્ણ થયા બાદ કમિશ્નર મેટ્રો રેલ સેફટી (સીએમઆરએસ) સમક્ષ જરૂરી મંજુરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે અને નુતનવર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સગવડતા મળતી થશે. આ કામગીરી પુરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિ.મી.ના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે અને મુસાફરી વધુ સસ્તી આરામદાયક અને પ્રદુષણ મુકત બનશે.

# બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર નગરપાલિકા સંકટમાંઃ તીજોરી તળીયાઝાટકઃ ૩૪ કરોડથી વધુનુ પાલિકાનુ દેવુ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની વધુ એક નગરપાલિકાએ દેવાળુ ફુંકયુ છે. આ વખતે દેવાદાર બની છે નવાબોની નગરી કહેવાતુ પાલનપુર, પાલિકાના અણધડ વહિવટને કારણે શહેરીજનો આગામી દિવસોમાં વિજળી અને પાણી વગર ટળવળે તો નવાઈ નહી,

ઉત્તર ગુજરાતનુ વેપારીકેન્દ્ર અને સત્તાધારી પક્ષ ભાજપની નગરપાલિકા સંકટમાં આવી છે. પાલનપુર નગરપાલિકા આજે આર્થિક સંકટમાં ફસાઈ છે. નગરપાલિકા કરોડોના દેવાના ડુંગર નીચે દબાઈ ગઈ છે. તીજોરી ખાલી, વિજળી અને પાણીના બીલ ભરવાના પૈસા નથી, ત્યારે શહેરનુ ભાવી અંધારામાં ડુબી ગયુ છે. પાલનપુર નગરપાલિકાની તીજોરી તળીયા ઝાટક થઈ ગઈ છે. ૩૫ કરોડનુ દેવુ થઈ જવા પામ્યુ છે. વિજળી બીલની ચુકવણી ન થતા ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ વીજ કનેકશન કાપી નાખે તેવી શકયતા છે, પાણી અને ડ્રેનેજ ના બીલ પણ બાકી છે, શહેરીઓને આગામી દિવસોમાં અંધારપટ અને પાણીની તંગી સહન કરવી પડે તો નવાઈ નહી. પાલિકાશાસકો લોકો પર વેરો ન ભરવાનો દોષનો ટોપલો નાખી રહ્યા છે. ચીફ ઓફીસરનુ કહેવુ છે ૧૬ કરોડનો ચાલુ વર્ષનો અને ૧૮ કરોડનો ગતવર્ષનો વેરો બાકી છે. પરંતુ લોકોનો સવાલ છે કે વેરો લઈને પણ રોડ રસ્તા ખરાબ , પાણીની હેરાનગતિ અને વિકાસનુ નામો નિશાન નથી. શું આ ભ્રષ્ટાચારનુ પરીણામ છે ?

વિપક્ષ કોંગ્રેસે ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા છે, કોંગ્રેસ સદસ્ય આશાબેન રાવલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ન પાણી, ન રસ્તા, ન સુવિધા તો ૩૫ કરોડનુ દેવુ કયાંથી થયુ ? પાલનપુર નગરપાલિકા સરકારી ગ્રાન્ટ પર નિર્ભર છે પણ વેરા વસુલાતમાં નિષ્ફળ સાબિત થઈ છે. ગુજરાતની ૧૪૭ નગરપાલિકાઓ ૧૪૭૭૪ કરોડના દેવામાં છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાની પાલનપુર નગરપાલિકાનુ ભાવી શું હશે ? વહિવટની નિષ્ફળતાને શહેરને અંધારામાં ધકેલી દીધુ છે. પાલનપુરની જનતા હવે જવાબ માંગે છે. શું નગરપાલિકા આ સંકટમાંથી બહાર નિકળશે ?

# હિંમતનગરના સાબરડેરી નજીક મહેતા પેટ્રોલપંપ પર કરંટ લાગતા ૧ શ્રમિકનુ મોતઃ ૨ ગંભીર હિંમતનગરમાં સારવાર હેઠળ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નેશનલ હાઈવે નંબર ૮ ના સાબરડેરી નજીક આવેલ મહેતા પેટ્રોલપંપ ખાતે એક દુઃખદ અકસ્માત બન્યો હતો. પેટ્રોલપંપ પર કલર કામ કરી રહેલા ૩ શ્રમિકોમાંથી ૧ નુ કરંટ લાગતા ઘટનાસ્થળ પર જ મોત નિપજયુ હતું. જયારે અન્ય ૨ શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા. આ બનાવને લઈને સમગ્ર વિસ્તારમાં શોક અને ચિંતા ફેલાઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર હિંમતનગર શહેરના રાયકાનગર વિસ્તારમાં રહેતા ૩ શ્રમિકો મહેતા પેટ્રોલપંપ પર કલર કામ કરી રહ્યા હતા. કલર કામ દરમિયાન તેઓ ઘોડીઓ ખસેડી રહ્યા હતા, તે સમયે અચાનક વીજ કરંટ લાગતા ૩ શ્રમિકો તેની ઝપેટમાં આવી ગયા હતા. કરંટ લાગતા શ્રમિકોને તાત્કાલીક નજીકની હિંમતનગર સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ હોસ્પીટલ પહોચે તે પહેલા જ એક શ્રમિકનુ મોત નિપજયુ હતું. બાકીના ૨ શ્રમિકોને ગંભીર દાઝવાના કારણે હોસ્પીટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. ડોકટરોના કહેવા પ્રમાણે હાલ બંનેની સ્થિતિ ચિંતાજનક છે. પરંતુ સારવાર હેઠળ છે. આ અંગે હિંમતનગર એ ડીવીઝન પોલીસને બનાવની જાણ થતા જ તેઓ તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી ગયા હતા.પોલીસે સ્થળપર જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. શા માટે કરંટ લાગ્યો અને સલામતીના નિયમોનુ પાલન થયુ હતુ કે નહી તેની દિશામાં તપાસ ચાલી રહી છે.

આ ઘટનાએ ફરી એકવાર શ્રમિકોની સુરક્ષા અને કામ દરમિયાન સલામતીના નિયમોનુ પાલન ન થવા મુદ્દે સવાલો ઉભા કર્યા છે. પેટ્રોલપંપ પર કલર કામ દરમિયાન યોગ્ય સલામતીના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે નહી, તે પણ તપાસનો વિષય છે. મૃત શ્રમિકના પરીવાર પર આ દુર્ઘટનાએ આકાશ તુટયુ છે પરીવારજનોને આર્થિક તેમજ માનસિક આંચકો લાગ્યો છે. હાલ પરીવારજનોએ ન્યાય માટે અને યોગ્ય વળતર માટે માંગણી કરી છે. સ્થાનિક વહિવટી તંત્રે ઘટનાની ગંભીરતા સમજતા પીડીતોને યોગ્ય સહાય આપવામાં આવશે તેવી ખાત્રી આપી છે. સાથે જ આવા બનાવો ભવિષ્યમાં ન બને તે માટે કડક પગલા લેવાની જરૂરીયાત છે.

# આજથી ગુજરાતભરની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં ૬ માસિક પરીક્ષાઓ શરૂ : તા. ૧૭ ઓકટોબર થી દિવાળી વેકેશન ૨૧ દિવસનુ રહેશે



પ્રતિનિધિ,ગાંધીનગર

નવરાત્રીના દિવસો પુરા થઈ ગયા છે અને દશેરાની રજા પણ જાહેર કરી દેવાઈ છે, ત્યારે આજથી રાજયભરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ૬ માસિક પરીક્ષાઓનો પ્રારંભ થનાર હોવાથી નવરાત્રીના તહેવારો પુરા થયા બાદ તુરતજ વિદ્યાર્થીઓને હવે શૈક્ષણિક માહોલમાં આવી જવાનુ રહેશે.

સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ધો. ૧ થી ૮ અને ધો. ૯ થી ૧૨ ની આ ૬ માસીક પરીક્ષાઓની તૈયારીઓ મોટાભાગે તો નવરાત્રીના તહેવારો પહેલાજ શાળા સંચાલકોએ પુરી કરી દીધી હતી. અને હવે આજથી રાજયભરના લાખો વિદ્યાર્થીઓની ૬ માસિક પરીક્ષા શરૂ થવાની છે. દિવાળીના તહેવારો આડે હવે માત્ર ૧૮ દિવસ બાકી છે પરીક્ષાઓ પુરી થયા બાદ થોડા દિવસો માટે શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે. પરંતુ જયાં પરીક્ષા લાંબો સમય ચાલશે ત્યાં પરીક્ષા પુરી થયા બાદ તુરતજ એટલે કે તારીખ ૧૭ ઓકટોબર થી ૨૧ દિવસનુ દિવાળી વેકેશન શરૂ થઈ જશે. વર્ષ દરમિયાન ૩-૩ મહિનાના અંતરે એકમ કસોટી લેવાનો નિર્ણય ચાલુ વરસે શિક્ષણ વિભાગે લીધો છે અને તેમાં વાર્ષિક તથા ૬ માસિક પરીક્ષા પણ રેગ્યુલર રીતે લેવા માટેની સુચના આપી છે. આમ શાળામાં આખુ વરસ પરીક્ષાની અને મુલ્યાંકનની કામગીરી ચાલુ રહે છે.

નવરાત્રીના તહેવારો બાદ શરૂ થતી ૬ માસિક પરીક્ષા પુરી થયા બાદ તુરતજ દિવાળીના તહેવારો શરૂ થશે અને નવુ શૈક્ષણિક સત્ર પણ દિવાળી પછી શરૂ થશે. નવરાત્રીના તહેવારો દરમિયાન પરીક્ષાની પુરી તૈયારી વિદ્યાર્થીઓ ન કરી શકયા હોવાની પણ રજુઆત થઈ રહી છે. પરંતુ શિક્ષણ વિભાગે શેડયુલ નકકી કર્યા છે તે મુજબ આજથી ૬ માસિક પરીક્ષાઓ શરૂ થશે અને તે દિવાળીના તહેવારો અગાઉ થોડા દિવસો પહેલા જ પુરી થશે.

# અમદાવાદમાં ગોઝારો અકસ્માતઃ કારની ટક્કરે ત્રણ લોકો નીચે પટકાયા, એકનું ઘટનાસ્થળે જ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા ઠક્કરનગર બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક **Artica** (આર્ટિકા) કારના ચાલકે પૂરપાટ ઝડપે આવીને એક મોટરસાયકલ (બાઈક)ને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે બાઈક પર સવાર ત્રણ યુવાનો પૈકી એક યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવાનોને ઈજા પહોંચી હતી.

બનાવની વિગતો મુજબ, ઠક્કરનગર બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે આ અકસ્માત સર્જાયો હતો. **Artica** કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કરીને મોટરસાયકલને ટક્કર મારતાં બાઈક પર સવાર ત્રણેય યુવાનો રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા એક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય બે યુવાનો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત યુવાનોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.અકસ્માત સર્જાયા બાદ કારનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસે કારના નંબરના આધારે ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે અને મૃતક યુવાનની ઓળખ પ્રસ્થાપિત કરવા અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટેની તજવીજ શરૂ કરી છે.

આ ગમખ્વાર અકસ્માતને પગલે વિસ્તારમાં થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરીને ટ્રાફિકને પૂર્વવત્ કર્યો હતો. આ ઘટનાએ ફરી એકવાર માર્ગ સલામતીના નિયમો અને બેફામ ડ્રાઈવિંગના જોખમ અંગે ચિંતા જગાવી છે.